દેશ / રાજયની યુવા પ્રતિભાઓની શક્તિ અને ઉત્સાહને સામાજીક સેવાઓ અને ભવિષ્યના વિકાસની પ્રક્રિયા સાથે જોડીને વિકાસની દિશાને ઉર્ધ્વગામી બનાવવા માટે **Chief Minister's Fellowship Programme** શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : વહસ-૧૦૨૦૦૯-૧૭૬૩-વસુતાપ્ર.ર
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૫ /૯/૨૦૦૯.

## ઠરાવ : -

Chief Minister's Fellowship Programme એ રાજયના માન. મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ રાજય સરકાર દ્વારા સમગ્ર દેશમાં પહેલ કરીને (Initiative) અમલમાં મુકાનાર એક અનોખો અને નવતર પ્રકારનો કાર્યક્રમ છે. આ કાર્યક્રમ દ્વારા યુવાન પ્રતિભાઓ કે જેઓમાં શક્તિ અને ઉત્સાહ (Strength & enthusiasm) છે અને રાજય અને દેશની સામાજિક સેવાઓના ઉત્થાન અને વિકાસમાં સહભાગીદાર થવાની તીવ્ર ઇચ્છા (Burning Desire) પડેલી છે તેવી યુવા શક્તિઓને રાજયના વહીવટી તંત્રમાં એકાદ/બે વર્ષ માટે જોડીને રાજ્યમાં ઉચ્ચ કક્ષાએ સરકાર અને વહીવટી તંત્રમાં થતી કામગીરીના અનુભવ અંગે એક તક આપવાનો મુખ્ય આશય અને પ્રયાસ છે. દેશ અને રાજયની યુવા શક્તિઓમાં શૈક્ષણિક કારકિર્દી પૂર્ણ થયા બાદ પોતાની માતૃભૂમિની સેવા કરવાની એક ખેવના હોય છે. પરંતુ ચોક્કસ તક અને રસ્તો ન દેખાતાં સમયાંતરે મોટાભાગના યુવાનો અનુકુળતા મળે તેવી કારકિર્દીમાં જોડાઇ જાય છે. પરંતુ તેમાંના કેટલાક દેશસેવાની પોતાની તીવ્ર ઇચ્છા, ઉચ્ચ ઉદ્દેશો અને સમર્પણની ભાવના ધરાવતા હોય તેવા યુવા વર્ગને રાજય અને દેશના વિકાસમાં જોતરવાનો આ એક ઉમદા પ્રયાસ / ઉદ્દેશ છે. આ કાર્યક્રમ દ્વારા યુવાઓના મૂલ્યોમાં વધારો કરીને સરકાર અને સમાજની સેવા કરવાની તક આપવાનો તેમજ ભવિષ્યની પેઢીને સમર્પિત યુવાધન દેશને આપવાનો હેતુ છે. આ કાર્યક્રમ યુવા વર્ગ માટે અતિ મૂલ્યવાન લર્નીંગ પ્રોસેસ બની રહેશે. આમ Chief

Minister's Fellowship Programme ના અંતે યુવાવર્ગ જયારે તેમની પસંદગીની કારકિર્દીમાં જોડાય ત્યારે તેઓ રાજ્ય અને દેશના વિકાસમાં શ્રેષ્ઠ ફાળો (Contribution) આપી શકે તે ધ્યેય છે. આમ સમગ્ર ભારતમાં સૌ પ્રથમ ગુજરાતમાં માન. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા Chief Minister's Fellowship Programme અમલમાં મૂકવા માટેનો એક અતિ મહત્વનો નિર્ણય કરવામાં આવે છે.

૨. Chief Minister's Fellowship Programme ના મુખ્ય ઉદ્દેશો અને હેતુઓ નીચે દર્શાવ્યા મુજબ રહેશે.

- The Chief Minister's Fellowship Programme will harness youth energy, promote social service and will elevate the future development of our country.
- To inspire the best young achievers to advance as managers of excellence.
- It would be a chance to experience Government functioning and immerse oneself in working for a better society.
- This is a unique opportunity to make a difference to the lives of the people and to try and solve problems to transform society.
- The Fellowship would aim to build managers who can address the increasing complexity of the world's economy, society and environment; managers who can make effective decisions based in any sector.
- The Fellowship Programme will lay the foundations that bring youth who have distinguished themselves in their field of work to come together and create visionaries with statesmanship like qualities to create a better future.
- This is a chance for the country's topmost young achievers to take on the highest challenges.

3. Chief Minister's Fellowship Programme ના અમલ બાબતે માન. મુખ્યમંત્રીશ્રીએ નિર્દેશ કર્યા મુજબ કાર્યક્રમની વેબસાઇટ આગામી ટૂંક સમયમાં ખુલ્લી મૂકવામાં આવશે અને વેબસાઇટની વિગતો જેવી કે, Domain Name તેમજ આનુષાંગિક બાબતો જે તે સમયે યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ કાર્યક્રમ

માટેની નાણાંકીય અને વહીવટી બાબતો અંગેના નિર્ણયો નીચે મુજબ કરવામાં આવે છે.

1. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન માન. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં designate કરવામાં આવેલ અધિકારી દ્વારા કરવામાં આવશે અને તેમની મદદમાં એક અથવા બે પ્રોજેક્ટ એસોસિએટસ રહેશે. આ અંગેના ખર્ચની જોગવાઇ નાણા વિભાગના પરામર્શમાં હવે પછી કરવામાં આવશે.

2. Chief Minister's Fellowship Programme માં પસંદગીની પ્રક્રિયા એ એક સતત પ્રક્રિયા રહેશે, જેમાં પસંદગી પામેલ પ્રતિભાઓને વાર્ષિક / દ્વિવાર્ષિક ધોરણે નિમણૂંક આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ નિમણૂંક પામેલા ઉમેદવારોને માસિક માનદ વેતન આપવામાં આવશે, તેમજ જરૂરીયાત ધરાવતા ઉમેદવારોને રહેઠાણની સુવિધા આપવામાં આવશે.

3. આ કાર્યક્રમમાં નિમણૂંક પામતા ઉમેદવારોને તેમની ફરજ/સેવાઓના ભાગરૂપે કરવી પડતી મુસાફરી માટે મુસાફરીભથ્થું સરકારી નિયમ મુજબ મળવાપાત્ર થશે.

4. આ કાર્યક્રમ હેઠળ નિમણૂંક પામેલ ઉમેદવારને ભારતના કોઇપણ સ્થળેથી હાજર થવા અને પરત જવા માટે સેકન્ડ કલાસ એ.સી. નું ભાડુ મળવાપાત્ર થશે.

5. આ કાર્યક્રમમાં રજા પ્રવાસ રાહત ભથ્થું (LTC ) તબીબી ભથ્થું, આરોગ્ય વીમો જેવા લાભો મળશે નહિ.

6. આ કાર્યક્રમ હેઠળ નિમણૂંક પામેલા ઉમેદવારોને નિમણૂંક દરમ્યાનના ૧૨ માસના સમયગાળામાં ફરજના દિવસો દરમ્યાન કોઇપણ પ્રકારની રજાઓ મળવાપાત્ર થશે નહિ, સિવાય કે કોઇ ચોક્કસ પ્રકારના સંજોગોમાં જરૂરી હોય, તેમ છતાં આવી ખાસ રજાના કારણે કાર્યક્રમના મૂળભૂત ઉદ્દેશો સાથે કોઇ છૂટછાટ આપવામાં આવશે નહિ.

૪. Chief Minister's Fellowship Programme એક નવતર કાર્યક્રમ છે, આથી આ કાર્યક્રમ માટે કન્ટીન્જન્સી ફંડમાંથી ખર્ચ અગ્રતા સમિતિ મારફતે નાણા વિભાગ અને સરકારશ્રીની મંજૂરી દ્વારા જોગવાઇ મેળવવાની રહેશે અને ત્યાર બાદ આગામી વિધાનસભા સત્રમાં નવી બાબત રજુ કરીને પૂરક ગ્રાન્ટથી ખર્ચ સરભર કરવાનો થશે. આમ, આ કાર્યક્રમ માટે કંન્ટીજન્સી ફંડમાંથી નાણા મેળવવા માટે નાણા વિભાગ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી સરખા ક્રમાંકની આ ફાઇલ પર આપવામાં આવેલ છે.

પ. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૨૯/૮/૦૯ અને સરકારશ્રીની તા. ૧૯/૯/૦૯ ના રોજ મળેલ અનુમતીને આધીન કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. વી. સુથાર)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ (વસુતાપ્રભાગ)

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
માન. રા. ક. મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી
સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સાચિવશ્રી/ઉપસચિવશ્રીઓ
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ
સિલેક્ટ ફાઇલ
શાખા ફાઇલ